Extra No. 394

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] FRIDAY, NOVEMBER 7, 2025 / KARTIKA 16, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વાંચ્યો:-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, સા.કાં.ના પત્રનં. એલઆઈબી/જાહેરનામું/૧૮૯૫/ ૨૦૨૫ તા.૨૮/૧૦/૨૦૨૫

(૨) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.ગાંધીનગરના જીસ્વાન મેસેજ નં.જી-૧/સુ.વ્ય./ટે.૨/૧૭૧૯/૦૯ તા. ૦૯/૦૭/૦૯

જાહેરનામું.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

નં.ડીસી/પી.ઓ.એલ-૨/ઔદ્યોગિક એકમ/વશી/૧૬૧૨/૨૦૨૫.(૪) -સમગ્ર દેશમાં વધી રહેલ આતંકવાદી પ્રવૃત્તિઓ, ગુન્હાખોરીને ડામવાના હેતુથી તથા અપરાધીઓને સરળતાથી ટ્રેસ કરી શકાય તે હેતુથી રાજયમાં આવેલ ઔદ્યોગિક એકમો/ ફેક્ટરી/ હોટલ/ ગોડાઉન/ ઓફીસ/ ફાર્મહાઉસ/ ઘર નોકર તરીકે કામ કરતા કારીગરો/ કામ કરતા મજુરો / કર્મચારીઓ અન્વયે પરપ્રાંતિય ઈસમો તથા અજાણ્યા વ્યકિત અંગેની સ્પષ્ટ અને રોજરોજની માહિતી પોલીસતંત્ર તથા તપાસ એજન્સીઓ પાસે ઉપલબ્ધ હોય તે જરૂરી છે. જે અન્વયે નીચે મુજબ હુકમ કરવો આવશ્યક જણાય છે.

સબબ, હું લલિત નારાયણ સિંઘ સાંદુ (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું.

જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સાબરકાંઠા જિલ્લાની હકુમતનો સમગ્ર વિસ્તાર

જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો

આ હુકમ તા.૧૦/૧૧/૨૦૨૫ થી તા.૦૮/૦૧/૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

જાહેરનામા મુજબ અમલવારી

1. ઔદ્યોગિક એકમો/ ફેકટરી/ હોટલ/ ગોડાઉન/ ઓફીસ/ ફાર્મહાઉસ/ ઘરમાં કામ કરતા નોકર/કારીગરો/કામ કરતા મજુરો/ કર્મચારીઓ અંગેની સ્પષ્ટ અને રોજરોજની માહિતી માલિકો/સંચાલકોએ નીચે મુજબના નમુનામાં તૈયાર કરી સબંધિત વિસ્તારના પોલીસ સ્ટેશનમાં તાત્કાલિક પુરી પાડવાની રહેશે.

2. કોઈપણ નાગરિકે કોઈ સંદિગ્ધ માહિતી જણાયેથી તાત્કાલિક નજીકના પોલીસ સ્ટેશને જાણ કરવાની રહેશે.

3. અમલવારી ન કરનાર એકમો વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

ઔદ્યોગિક એકમો/ ફેકટરી/ હોટલ/ ગોડાઉન/ ઓફીસ/ ફાર્મહાઉસ/ ઘરમાં કામ કરતા નોકર/કારીગરો/કામ કરતા મજુરો/કર્મચારીઓની વિગત દર્શાવતા પત્રકનો નમુનો

ફોટોગ્રાફ

પોલીસ સ્ટેશનનું નામ :- જિલ્લો/શહેર :-

૧. માલિકનું નામ, સરનામું તથા ફોન, મોબાઈલનં :-

૨. ધંધાની વિગત કારખાના, ફેકટરી, યુનીટનું નામ :-

સરનામું તથા ટે.નં./મોબાઈલ નંબર

૩. કર્મચારી, કારીગર મજુરનું નામ, હાલનું સરનામું :-

તથા ઓળખચિન્હો, અભ્યાસ

૪. હાલમાં કોણ કોણ સાથે રહે છે.

૫. રહેઠાણ કંપનીએ ફાળવેલ છે કે ભાડે રહે છે?:-

૬. જો ભાડે રહેતા હોય તો પોલીસને જાણ કરેલ છે?:-

૭. કર્મચારી, કારીગર, મજુરનું વતનનું સરનામું તથા :-

ટે.નં./મોબાઈલ નંબર, જીલ્લો, ગામ પોલીસ સ્ટેશન

૮. કર્મચારી, કારીગર, મજુરની નાગરીકત્વની વિગત:-

૯. કર્મચારી, કારીગર, મજુરને નોકરીએ રાખ્યા તારીખ :-

૧૦. કર્મચારી, કારીગર, મજુર અગાઉ જે જગ્યાએ કામ :-

કરતા હોય તે માલિકનું પુરુ નામ, સરનામું તથા ટે.નં./મોબાઈલ નંબર

૧૧. કર્મચારી, કારીગર, મજુરકોના રેફરન્સ, પરિચયથી :-

નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરુ નામ

સરનામું તથા ટે.નં./મોબાઈલ નંબર

૧૨. કર્મચારી, કારીગર, મજુરના બે ત્રણ સગા સબંધીઓના :-

પુરાનામ સરનામું, વતન, સહિતના તથા ટે.નં./મોબાઈલ

નંબર

૧૩. નામ-સરનામા બાબતે ખાતરી કરેલ છે. જો ખાતરી :-

કરેલ હોય તો કોણે કરેલ છે.

સ્થળ :-

તારીખ :- એકમ/વ્યકિતનો સહી-સિક્કો

"જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ"

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય-ન્યાય સંહિતા,૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજા/ દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૪થી નવેમ્બર-૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

લલિત નારાયણ સિંધ સાંદુ,
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા, હિંમતનગર

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.11.27 16:37:46 IST